# All India Wado-Kai Karate-Do Association

Gujarat Branch

Member of

## Karate Association of India (KAI)

KAI Recognized by

Ministry of Sports and Youth Affairs, Govt. of India

JKF WADO-KAI

和道会

જૂલાઈ-૨૦૧૪



**H. Q. : Shihan Shri Arvind Rana** Plot-791/D/3, Panchsheel Park, Sector-21, Gandhinagar-302021 (Gujarat) Ph. 079-23210071


### ડીવાયએસપી શ્રી આર. એમ. પટેલ દ્વારા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરાયું

# સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગોધરામાં ૧૧૬૫ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાઈ રહ્યું છે

પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. ગોધરા સ્થિત આચાર્ય નરેન્દ્ર દેવ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે આ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગોધરાનાં નાયબ પોલીસ અધિક્ષક શ્રી આર. એમ. પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી શિબિરનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

આ હાઈસ્કુલમાં ૩૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જ્યારે આ જ કેમ્પસમાં ચાલતી રેવાલહરિ પ્રાથમિક કન્યા વિદ્યાલયની ૭૦ વિદ્યાર્થીનીઓ, શ્રીમતી ટી. સી. સોની માધ્યમિક વિદ્યાલયની ૨૦૦ વિદ્યાર્થીનીઓ, શારદા મંદિર પૂર્વ પ્રાથમિક શાળાની ૧૫૦ વિદ્યાર્થીનીઓ, નાલંદા સ્કુલની ૧૮૫ વિદ્યાર્થીનીઓ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની ૫૦ વિદ્યાર્થીનીઓ અને નર્મદાબેન વલ્લભદાસ શાહ ગર્લ્સ હાઈસ્કુલની ૨૧૦

(અનુ. પાન-૪ ઉપર)











### સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે

# ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા આયોજિત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરમાં ૧૪૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ

ગાંધીનગર

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી ગત ૨૩ જૂન થી ૫ જૂલાઈ સુધી ચાલેલ આ શિબિરમાં ૧૪૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

દરરોજ ત્રણ જુદી જુદી બેચમાં કરાટે નિષ્ણાત પ્રશિક્ષકો શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા તથા શ્રી હનુ પરમારે વિદ્યાર્થીનીઓને કરાટેની પંચ, બ્લોક, કીક વગેરે જેવી બેઝીક ટેક્નિક્સની સાથે સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું પણ પ્રશિક્ષણ આપ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ ૫મી જૂલાઈનાં રોજ સવારે ૯-૩૦ કલાકે શાળાના વિશાળ કક્ષમાં રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પ્રવીણ વલૈરા, મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ, અતિથિ વિશેષ તરીકે કરાટે અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન અરવિંદ

(અનુ. પાન-૬ ઉપર)



# સર્વોત્કર્ષ સેવા સંસ્થાન સંચાલિત સ્નાઈપર અકેડમી દ્વારા આણંદ ખાતે સમર કેમ્પ ૨૦૧૪ સંપન્ન





સર્વોત્કર્ષ સેવા સંસ્થાન સંચાલિત સ્નાઈપર અકેડમી દ્વારા સમર કેમ્પ ૨૦૧૪નું સમાપન આણંદ સ્થિત શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈંગ્લિશ મિડીયમ સ્કુલ તથા સર્વોત્કર્ષ સેવા સંસ્થાન સંચાલિત મંદબુદ્ધિ ધરાવતાં બાળકો માટે કાર્યરત ગુરુકૃપા નિવાસી વિશિષ્ટ શાળા ખાતે સ્નાઈપર અકેડમી, આણંદ દ્વારા સમર જોય (કેમ્પ) ૨૦૧૪નું આયોજન તા. ૨૦મી એપ્રિલ ૨૦૧૪ને રવિવારના રોજ થી તા.૧૦મી મે ૨૦૧૪ને શનિવાર દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બાળકોને ડાન્સ, ચેસ, કરાટે, આર્ટ એન્ડ ક્રાફ્ટ તથા ટેબલ ટેનિસની પદ્ધતિસરની પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી.





આ કેમ્પના સમાપન સમારોહ પ્રસંગે સર્વોત્કર્ષ સેવા સંસ્થાનના મેનેજીંગ ટ્રસ્ટી તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીના ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણા, સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતિ પૂનમબેન ઠક્કર, ટ્રસ્ટનાં માર્ગદર્શક મંડળનાં સભ્ય તથા કરાટે નિષ્ણાત સેનસાઈ વિશાલભાઈ મિસ્ત્રી તથા ગુરુકૃપા નિવાસી વિશિષ્ટ શાળાના નિયામક શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શિહાન અરવિંદભાઈ રાણાએ સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. સેનસાઈ વિશાલજીએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે આજની જનરેશન ખૂબ જ ફાસ્ટ છે તેઓ દરેક વસ્તુ ઝડપથી ગ્રહણ કરી શકે છે. અંતે શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કરે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજકટ અંતર્ગત છત્રાલ સ્થિત

# શેઠ કે. જે. પગાર કેન્દ્ર શાળા ખાતે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સંપન્ન





સુરક્ષા સેતુ પ્રોજેક્ટ હેઠળ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવાના હેતુથી ગત ૨૦મી ફેબ્રુઆરીથી ૧૦મી માર્ચ દરમ્યાન એક પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ.ગાંધીનગર જિલ્લાના કલોલ તાલકાના છત્રાલ મુકામે સ્થિત શેઠ કે. જે. પગાર કેન્દ્ર શાળા ખાતે આ શિબિર યોજાઈ ગઈ.

શિબિરનાં સમાપન પ્રસંગે ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ પટેલે પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવાનું કાર્ય સિનીયર કોચ સેનસાઈ શ્રી કલ્પેશભાઈ ચાવડા અને તેમની ટીમે કરેલ.

## છત્રાલ સ્થિત બિલેશ્વરપુરા પ્રાથમિક શાળા ખાતે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા

# વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા સ્થિત છત્રાલ ગામે આવેલ બિલેશ્વરપુરા પ્રાથમિક શાળા ખાતે ૨૦મી ફેબ્રુઆરીથી ૧૦મી માર્ચ દરમ્યાન સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. આ શિબિરમાં ૧૩૫ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

સેનસાઈ શ્રી કલ્પેશભાઈ ચાવડા તથા તેમની ટીમે પ્રશિક્ષણ આપ્યું હતું. સમાપન પ્રસંગે ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા તથા શાળાના આચાર્ય શ્રી હિતેન્દ્રકુમાર ડી. બારોટ ઉપસ્થિત રહ્યાં હતા.






# આણંદ ખાતે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા પોલીસ દ્વારા શાળા-કોલેજની ૧૫૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

આણંદ જીલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત વાડોકાઇ કરાટે-ડો એકેડમી, ગુજરાતની આણંદ શાખા દ્વારા નગર અને આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરોનું સતત આયોજન થઈ રહ્યું છે.

ગત માસમાં આણંદ જિલ્લામાં ૧૫૦૦ શાળા-કોલેજની વિદ્યાર્થીનીઓને આ કળાનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં રાસ હાઈસ્કુલ ખાતે ૧૧૭ વિદ્યાર્થીનીઓ, બોરસદ સ્થિત ઇ.એમ.એચ. એસ. ટ્રસ્ટ સંચાલિત જે.ડી.આર.પટેલ કન્યા વિદ્યાલય ખાતે ૫૮૫ વિદ્યાર્થીનીઓ, આંકલાવ હાઇસ્કુલ ખાતે ૬૪૬ તથા આંકલાવ કોલેજ ખાતે ૫૨ વિદ્યાર્થીનીઓ, સેંટ સ્ટિફન કોલેજ, આણંદ ખાતે ૧૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આણંદ જિલ્લાના અધિક નિયામક અને સિનીયર કોચ સેનસાઈ શ્રી ચેતન ફુમકિયા સહિત સેનસાઈ શ્રી કૃણાલ ઠક્કર, સેનસાઈ શ્રી મેહુલ ઠક્કર, સેનસાઈ શ્રી પ્રતિમા પિંપલગાંકર, સેનસાઈ શ્રી કમલેશ વસાવા, સેનસાઈ શ્રી યશ વાળંદ, સેનસાઈ શ્રી રાધિકા મુનિયા તથા સેમ્પાઇ શ્રી મીના મુનિયા તથા સુરેખા મુનીયાએ વિદ્યાર્થીનીઓને ટ્રેનિંગ આપી હતી.







જુદી જુદા સ્થળોએ યોજાયેલા સમાપન સમારોહમાં સેનસાઈ શ્રી જિગ્નેશ ઠક્કર દ્વારા શિબિરના સમાપન બાદ ઘરે આ વિદ્યાનો સતત અભ્યાસ ચાલુ રાખવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે શીખેલી વિવિધ ટેક્નિક્સનો અભ્યાસ કરીને જીવનભર તેનો લાભ લેવો જોઈએ.

બોરસદ સ્થિત જે. ડી. આર. કન્યા વિદ્યાલય ખાતે બોરસદ ટાઉન પી.આઇ. શ્રી રણજીતસિંહ ડાભીએ ઉપસ્થિત રહી સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ચાલતી વિવિધ પ્રવૃતિઓની માહિતી આપી હતી અને વિદ્યાર્થીનીઓને ભવિષ્યમાં કરાટે જેવી કળાનો જરૂર પડયે ઉપયોગ કરજો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના આચાર્યા શ્રીમતી મોહિનીબહેન પંચાલે મહેમાનશ્રીઓનો પરિચય આપી શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં ઇનર વ્હિલ કલબ બોરસદના શ્રી દિવ્યાબેન સુખડિયા, સેક્રેટરી શ્રી સ્નેહલબેન પટેલ, ઇન્ટરનેશનલ સોશિયલ ઓર્ગેનાઇઝેશનના મેમ્બર શ્રી સંગીતાબેન ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

આંકલાવ કોલેજ ખાતે આચાર્ય શ્રી રાવ સાહેબે મહેમાનશ્રીઓનો પરિચય આપી તેમનું શાબ્દિક સ્વાગત કર્યું હતુ. પ્રાસંગિક ઉદબોધન આપતા શ્રી જિજ્ઞેશભાઇ ઠક્કરે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. વિવિધ કાર્યક્રમો દ્વારા પોલીસ અને પ્રજા વચ્ચેનું અંતર ઘટે અને લોકોની માનસિકતા બદલાય, પોતાના હક્કો વિશે લોકો જાગૃત થાય તેવો શુભાશય સુરક્ષા સેતુ પ્રોજેકટનો હોવાનું તેમણે જણાવ્યું હતું.

# આણંદ ખાતે એડવાન્સ કરાટે ટ્રેનીંગ કેમ્પ સમ્પન્ન

વાડોકાઇ કરાટે એકેડમી આણંદ તથા ચરોતર પ્રદેશ આર્યસમાજ સંચાલિત આર્યવીર દળના સંયુકત ઉપક્રમે તા. ૧ થી ૮ જૂન ૨૦૧૪ દરમ્યાન કરાટેના પ્રશિક્ષણાર્થીઓ માટે એડવાન્સ કરાટે કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.

એડવાન્સ કરાટે કોચીંગ કેમ્પમાં આણંદ જીલ્લા નિયામક સેનસાઇ શ્રી જીગ્નેશ ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ સેનસાઇ શ્રી કમલેશ વસાવા તથા સેનસાઇ શ્રી મેહુલ ઠક્કરે કરાટેકાઓને કરાટેની એડવાન્સ ટેકનીકસનું પ્રશિક્ષણ આપ્યું હતું.

કેમ્પના સમાપન સમારોહમાં વાડોકાઇ કરાટે-ડો એકેડમી ગુજરાતના ટેક્નિકલ ડાયરેકટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, ચરોતર પ્રદેશ આર્યસમાજના પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલા, આણંદ જીલ્લાના નિયામક સેનસાઇ શ્રી જીજ્ઞેશભાઇ આર. ઠક્કર, આર્યસમાજના અંતરંગ સભ્ય શ્રી રાજેન્દ્રસિંહ રાજ, સિનીયર કોચ સેનસાઇ શ્રીમતી દર્શના ઠકરાર ઉપસ્થિત રહયાં હતા.




આ પ્રસંગે શિહાન શ્રી અરવિંદભાઇ રાણાએ વેકેશન દરમ્યાન યોજાયેલ એડવાન્સ કેમ્પનાં લાભો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. જયારે આર્યસમાજના અંતરંગ સભ્ય શ્રી રાજેન્દ્ર રાજે આ પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી અને આવા કાર્યક્રમો નિયમિત થતા રહે લાગણી વ્યક્ત કરી હતી. આ કેમ્પમાં બે વિદ્યાર્થીનીઓ શાલીની કુશવાહ અને મીતાલી વરીયાને બ્લેક બેલ્ટની પદવી તથા અન્ય કરાટેકાઓને વિવિધ બેલ્ટની પદવી શિહાન શ્રી અરવિંદભાઇ રાણાના વરદ હસ્તે એનાયત કરવામાં આવી હતી.

સમાપન સમારોહના અંતિમચરણમાં સેનસાઇ શ્રી મેહુલ ઠક્કરે સૌનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કર્યો હતો.

# ભાવનગર સ્થિત શ્રી જ્ઞાનગુરૂ વિદ્યાપીઠ ખાતે કરાટે પ્રશિક્ષણ કેન્દ્રનો પ્રારંભ થયો







ભાવનગર જિલ્લામાં વાડોકાઈ કરાટે-ડો એકેડમી દ્વારા વિવિધ સ્થળોએ કરાટેનાં નિયમિત વર્ગો તથા શાળા સમય દરમ્યાન કરાટેનાં વર્ગોનું સંચાલન સેનસાઈ શ્રી કમલ દવેનાં માધ્યમથી ગતિ પકડી રહ્યું છે. તાજેતરમાં શ્રી જ્ઞાનગુરૂ વિદ્યાપીઠ ખાતે કરાટેનાં વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો છે. દર રવિવારે સાંજે ૫ થી ૬-૩૦ દરમ્યાન ચાલનારા આ વર્ગમાં સેનસાઈ શ્રી કમલ દવે સ્વયં પ્રશિક્ષણ આપનાર છે.

આ વર્ગનો પ્રારંભ કરતાં પહેલાં અગાઉ એક નિદર્શનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. આ નિદર્શનમાં સિનિયર વિદ્યાર્થીઓ શ્રી ચિંતન પરમાર, શ્રી મનદીપસિંહ જાડેજા તથા કરાટેનો નિયમિત અભ્યાસ કરતા અનેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહિલાઓની છેડતી થાય ત્યારે કેવી રીતે બચાવ કરી શકય તેનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. અંતમાં વિદ્યાર્થીઓએ રોમાંચક બ્રેકીંગ ટેક્નિક્સનું નિદર્શન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી જ્ઞાનગુરૂ વિદ્યાપીઠનાં ડાયરેક્ટર શ્રી મનહરભાઈ રાઠોડે જણાવ્યું હતું કે ભણતરની સાથે શરીર સ્વસ્થ રાખવું તથા હાલના સમયને અનુરૂપ પોતાનો બચાવ કરતા શીખવું જરૂરી છે, ખાસ કરીને બહેનો માટે આ પ્રશિક્ષણ ખૂબ જરૂરી હોવાનું જણાવી તેમણે બહેનોને કરાટે શીખવા અનુરોધ કર્યો હતો.

### સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત

## સુરેન્દ્રનગર ખાતે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરોનો પ્રારંભ



સુરેન્દ્રનગર જિલ્લામાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરોનો પ્રારંભ થઈ ગયો છે. સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈનાં માર્ગ દર્શનમાં શ્રીમતી એસ.સી.યુ.શાહ ગર્લ્સ હાઈસ્કુલ તથા શ્રી કિરચંદભાઈ કોઠારી મિડલ સ્કુલ ખાતે કુલ ૩૫૦ વિદ્યાર્થીનીઓ શીખી રહી છે.

## પોરબંદર ખાતે પેરાસેલીંગનો રોમાંચક કાર્યક્રમ યોજાયો



વાડોકાઈ કરાટે-ડો એકેડમીની પોરબંદર શાખા તથા એવરેસ્ટ એરો સ્પોર્ટ્સનાં સંયુક્ત ઉપક્રમે પોરબંદર ખાતે પેરાસેલીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કોસ્ટગાર્ડનાં ૫૦ જવાનો તથા ૫૦ જેટલા પોરબંદરનાં કરાટેના વિદ્યાર્થીઓ, યુવક-યુવતિઓ તથા વયસ્કોએ ભાગ લઈ રોમાંચકારી અને સાહિકતાથી ભરપુર અનુભવ પ્રાપ્ત કર્યો હતો.

બાળકો, યુવક-યુવતિઓમાં સાહસવૃત્તિ વધે તથા તેઓ નિડર બને તેવા ઉમદા હેતુથી આ બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ ફુટથી પણ વધુ ઉંચાઈએથી લોકોએ પેરાસેલીંગની મજા માણી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા સેનસાઈ શ્રી કેતનભાઈ કોટિયા, શ્રી મનીશભાઈ વાઘ, શ્રી જયેશ ખેતરપાળ, શ્રી મહેશ મોતીવરસ, શ્રી મુકેશ પોસ્તરીયા, શ્રી હરીશ બાદરશાહી, શ્રી ભરત માલમ, શ્રી દિલીપ જુંગી સહિત અનેક મહાનુભાવોએ પ્રશંશનીય કામગીરી કરી હતી.

## સુરક્ષા સેતુ

(પાન-૧નું શેષ)

વિદ્યાર્થીનીઓ મળીને કુલ ૧૧૬૫ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ અપાઈ રહ્યું છે.

ઉદ્‌ઘાટન પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક શ્રી આર. એમ. પટેલે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ શું છે અને પોલીસ દ્વારા થઈ રહેલા પ્રજાલક્ષી કાર્યોની માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને અસામાજિક તત્વોથી પોતાનું રક્ષણ કરવા માટે કેવી સાવધાની રાખવી જોઈએ તેની વિગતો પણ આપી હતી.

ગાંધીનગરથી આવેલા અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ સ્વબચાવની કલા શિખવાથી થતા ફાયદાઓ વિશે માહિતી આપી આવી કળા શીખવા પ્રેરણા આપી હતી.

આ સમગ્ર પ્રશિક્ષણનું કાર્ય સ્થાનિક કોચ સેનસાઈ શ્રી લક્ષ્મણભાઈ પરમાર, સેનસાઈ શ્રી ગૌતમભાઈ પરમાર તથા તેમની ૮ બ્લેક બેલ્ટ નિષ્ણાતોની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## ૧૭મી ઓલ

(પાન-૮નું શેષ)

શિહાન રાજેષભાઈ અગ્રવાલ તથા શિહાન અરવિંદભાઈ રાણાનાં સીધા માર્ગદર્શનમાં આ સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

આ સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, મહારાષ્ટ્ર, ગોવા, આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારની ટીમોએ ભાગ લીધો હતો. કુમીતેમાં ૨૨૦ જેટલા ખેલાડીઓ તથા કાતામાં ૧૮૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જુદી જુદી વયજૂથ તથા કેડેટ, જુનિયર અને સિનિયર વિભાગમાં વજન જૂથમાં યોજાયેલી આ સ્પર્ધા બ્લેક બેલ્ટ અને કલર બેલ્ટ એમ બે વિભાગોમાં રમાડવામાં આવી હતી.

સ્પર્ધાના સમાપન પ્રસંગે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગોવાના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રીમતી ડિસોઝા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. સમાપન સમારોહ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોના હસ્તે વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરવાની સાથે વિવિધ રાજ્યોમાંથી આવેલા રેફરી, જજ, ઓફિશીયલ્સ વગેરેનું જાહેર સન્માન પણ કરવામાં આવ્યું હતું.

## વાડોકાઈ કરાટે

(પાન-૬નું શેષ)

અનિલભાઈ પટેલે કહ્યું હતું કે વર્તમાન સમયમાં બહેનોને સ્વરક્ષણની કળા શીખવાડવાની ખાસ જરૂર છે. તેમણે વિદ્યાર્થીનીઓને સાહસિક બનવા પ્રેરણા આપી હતી.

ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે દરેક વ્યક્તિમાં પરમાત્માએ અનેક પ્રકારની શક્તિઓ મુકેલી છે. આ શક્તિઓને કેળવવાની જરૂર છે. કરાટેના માધ્યમથી શરીરને મજબુત, સ્ફૂર્તિલું અને સ્વસ્થ બનાવી શકાય છે અને સાથે સાથે પ્રહાર કરવાની અને પ્રહાર સહન કરવાની શક્તિનો વિકાસ થાય છે. આમ, કરાટે બહુ મહત્વપૂર્ણ કળા હોવાનું તેમણે જણાવ્યું હતું.

શ્રી જગતભાઈ કારાણીએ નિદર્શન નિહાળી વિદ્યાર્થીનીઓની મહેનત તથા પ્રશિક્ષકોનો પુરુષાર્થ સફળ જણાવી શિબિરો સતત ચાલતી રહે તેવો અનુરોધ કર્યો હતો.

# પોરબંદર સ્થિત ચમ ઈંગ્લિશ મિડીયમ સ્કુલ તથા આર્ય કન્યા ગુરુકુળ ખાતે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ







પોરબંદર ખાતે જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરોનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં ચમ ઈંગ્લિશ મિડીયમ સ્કુલ તથા આર્ય કન્યા ગુરૂકુળ ખાતે ૧૧ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચમ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ ખાતે ડીવાયએસપી શ્રી ડી. એમ. પરમાર તથા મહિલા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. શ્રી આર. બી. સોલંકી, શાળાના આચાર્યા શ્રીમતી સુનયનાબેન ડોગરા તથા કરાટે અકેડમીનાં નિયામક સેનસાઈ શ્રી કેતનભાઈ કોટિયાની ઉપસ્થિતિમાં શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

જ્યારે આર્ય કન્યા ગુરુકુળ ખાતે આચાર્યા શ્રીમતી રંજનબહેન મજીઠીયા ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે સુરક્ષા સેતુ અંતર્ગત વિદ્યાર્થીનીઓને સ્વબચાવની કળા શીખવાડવાના આ કાર્યક્રમને આવકાર્યો હતો અને પોલીસ તંત્રની તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીની પ્રસંશા કરી હતી.

સેનસાઈ શ્રી કેતનભાઈ કોટિયાનાં માર્ગદર્શનમાં શ્રી સુરજ મસાણી, શ્રી જયેશ ખેતરપાળ, શ્રી મહેશ મોતીવરસ વગેરે બ્લેક બેલ્ટ પ્રશિક્ષકોની નિષ્ણાત ટીમ દ્વારા આ સ્વબચાવનાં વર્ગોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

# વાડોકાઈ કરાટે-ડો અકેડમી દ્વારા એલ. ડી. આર. પી. એન્જીનીયરીંગ કોલેજ, ગાંધીનગર ખાતે પાંચ દિવસની મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સંપન્ન





વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની ગાંધીનગર શાખા દ્વારા તાજેતરમાં પાંચ દિવસની મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. એલ. ડી. આર. પી. એન્જીનીયરીંગ કોલેજ ખાતે યોજાયેલી આ શિબિરમાં ૧૪૦ જેટલી કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા દ્વારા આ વિદ્યાર્થીનીઓને કરાટેની બેઝીક ટેક્નિક્સની સાથે કોઈ છેડતી કરે તો કેવી રીતે બચાવ કરી શકાય તેનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનાં સંયોજક તરીકે મેડમ નોરિને પ્રસંશનીય કામગીરી કરી હતી.

આ શિબિરનો સમાપન સમારોહ ૨૧મી માર્ચનાં રોજ સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ દરમ્યાન કોલેજનાં હોલમાં રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનાં સચિવ શ્રી અનિલભાઈ પટેલ તથા જાણીતા ઉદ્યોગપતિ શ્રી જગતભાઈ કારાણીની સાથે અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. કોલેજનાં આચાર્યા શ્રીમતી ગાર્ગીબહેન રાજપરાએ સૌને આવકારતાં કરાટે વિદ્યાની આવશ્યકતા ઉપર ભાર મુક્યો હતો. મુખ્ય અતિથિ શ્રી

(અનુ. પાન-૪ ઉપર)








## ૧૫ વિદ્યાર્થીઓએ વાડોકાઈ કરાટેની પ્રોવીઝનલ બ્લેક બેલ્ટની પદવી પ્રાપ્ત કરી

# પોરબંદર ખાતે એક મહિનાનો સમર ધમાકા સ્પેશ્યલ એક્ટિવીટી કેમ્પ સંપન્ન



વાડોકાઈ કરાટે-ડો એકેડમી, ગુજરાતની પોરબંદર શાખા દ્વારા દર વર્ષે ઉનાળુ વેકેશન દરમ્યાન એક મહિનાનો સમર ધમાકા સ્પેશ્યલ એક્ટીવીટીઝ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આવો જ એક કેમ્પ ગત ૨૪ એપ્રિલથી ૨૫ મે દરમ્યાન યોજાઈ ગયો.

પોરબંદર તથા કચ્છ જિલ્લાના નિયામક સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયાના માર્ગદર્શનમાં યોજાયેલા આ સમર ધમાકા સિઝન-૮ કેમ્પમાં ૨૨૫ થી પણ વધારે બાળકોએ ભાગ લઈ આ કેમ્પને સફળ બનાવ્યો હતો. આ કેમ્પમાં બાળકોને કરાટે, ડાન્સ, એક્ટીંગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, યોગાસન, જિમ્નાસ્ટીક, પબ્લિક સ્પીકીંગનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

દર વર્ષે સમર ધમાકા કેમ્પનાં સમાપન વખતે વાડોકાઈ કરાટેનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરવાનો કાર્યક્રમ પણ સાથે જ રાખવામાં આવે છે. આ વર્ષે પણ પદવીદાન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ વર્ષના પદ્વીદાન સમારોહની વિશેષતા એ હતી કે એક સાથે ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ કરાટેની પ્રોવીઝનલ બ્લેક બેલ્ટની પદ્વી પ્રાપ્ત કરી હતી. પ્રોવીઝનલ બ્લેક બેલ્ટની પદવી મેળનાર ખેલાડીઓમાં સર્વેશ્રી સાહિલ ભીખુભાઈ બાબર, તન્મય કે. સદાણી, રોનક મકાન, તન્મય એન. લાખાણી, પુષ્પરાજસિંહ જેઠવા, પ્રિન્સ લોઢારી, આકાશ એન. જોગીયા, શિવ એન. દાવડા, વત્સલ એસ. શુક્લા, સ્નેહ ઢાંકી, જય આર. ગોવડા, વનરાજ જે. મોઢવાડીયા, જય ડી. પટેલ, કુ. રીચા વી. જોગીયા તથા કુ. પ્રવિણા કે. ઝાલાનો સમાવેશ થાય છે. અકેડમીનાં વડા શિહાન અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે વિદ્યાર્થીઓને બેલ્ટની ડીગ્રીનાં પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.







વિદ્યાર્થીઓએ સમાપન પ્રસંગે બહોળા વાલીગણ તથા ગણમાન્ય મહાનુભાવોની વચ્ચે રોમાંચકારી નિદર્શન કર્યું હતું. કરાટે, સ્કેટીંગ, આસનો, અર્થસભર નાટક વગેરેનું નિદર્શન નિહાળી વાલીગણે કેમ્પમાં બાળકોએ કરેલી પ્રગતિ પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ સમર કેમ્પને સફળ બનાવવા માટે જયશે ખેતરપાળ, સુરજ મસાણી, મહેશ મોતીવરસ, સાહિલ બાબર, પુષ્પરાજ જેઠવા, આકાશ કીયા, બ્રિજેસ સોનીગ્રા, ચેતનભાઈ દવે, જગદીશભાઈ ઓઝા, વનરાજ મોઢવાડીયા, રીદ્ધિ કોટીયા, માલતીબેન જાડેજા, અભીપ્સા જોષી વગેરેએ પ્રસંશનીય કામગીરી કરી હતી. ચમ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ દ્વારા પણ આ કેમ્પને સફળ બનાવવા સકારાત્મક સહયોગ આપ્યો હતો.

## ગાંધીનગર જિલ્લા

(પાન-૧નું શેષ)

રાણા, રોટરી ક્લબ ઓફ કેપિટલનાં પૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબહેન શાહ તથા શાળાનાં આચાર્યા શ્રીમતી કે. એમ. ચૌહાણ તથા રેક્ટર શ્રીમતી રેણુકાબહેન ગામીત ઉપસ્થિત રહ્યાં હતા.

પોતાના વક્તવ્યમાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પ્રવીણ વાલેરાએ જણાવ્યું હતું કે સજ્જન માણસોએ પોલીસથી ડરવાની જરૂર નથી. પોલીસ ગુનેગારોને ઓળખવામાં સક્ષમ છે. પોલીસ કઠોર છે, દંડા ફટકારે છે પણ તે માત્ર ગુનેગારો, અસામાજિક તત્વો પ્રત્યે જ કઠોર વલણ ધરાવે છે. તેમણે વિદ્યાર્થીનીઓને અસામાજિક તત્વોનો ભોગ ન બને તે માટે કેટલીક ટીપ્સ આપતાં કહ્યું હતું કે જ્યારે પણ પ્રવાસમાં જાવ ત્યારે એકલા ન પડી જવું, કોઈ કનડગત કરે તો તરત જ બુમાબુમ કરવાથી આસપાસના લોકોનું ધ્યાન આકર્ષિત થશે અને તમને સહાયત મળી રહેશે. શાળાની વિદ્યાર્થીનીઓને સમગ્ર વર્ષ દરમ્યાન અઠવાડિયામાં એક દિવસ સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવશે તેવી ઘોષણા કરી હતી.

મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રીમતી મીનાક્ષીબહેને પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે કરાટેના અભ્યાસથી સ્વબચાવની સાથે શારીરિક અને માનસિક વિકાસ પણ થાય છે. જુસ્સો વધે છે, બોડી લેંગ્વેજ પણ બદલાઈ જાય છે. વર્તમાન સમયમાં બધી બહેનોએ કરાટેનો અભ્યાસ કરવો જોઈએ તેવી તેમણે લાગણી વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને કોઈપણ જાતની સમસ્યા હોય તો મહિલા પોલીસ સ્ટેશન અથવા કોઈપણ નજીકનાં પોલીસ સ્ટેશન પહોંચીને કોઈપણ જાતના સંકોચ કે ડર વગર ફરિયાદ નોંધાવવા સલાહ આપી હતી.

કરાટે અકેડમીનાં વડા શિહાન અરવિંદ રાણાએ પોતાના વક્તવ્યમાં કરાટે શીખવાથી થતા લાભો વિશે સમજણ આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને શક્તિશાળી બનવા અનુરોધ કર્યો હતો. તેમણે સુરક્ષા સેતુ પ્રોજેક્ટનાં માધ્યમથી મહિલાઓને સશક્ત કરવાનાં થઈ રહેલા પ્રયત્નોની પ્રસંશા કરી હતી. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબહેન શાહે શાળાની વિવિધ પ્રવૃત્તિઓ કરી વિદ્યાર્થીનીઓનાં સર્વાંગીણ ઉન્નતિનાં થઈ રહેલા પ્રયાસોની પ્રસંશા કરી હતી.

કાર્યક્રમનાં પ્રારંભમાં શાળાના આચાર્યા શ્રીમતી કે. એમ. ચૌહાણે સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે આવી સ્વબચાવની અતિ આવશ્યક કળા વિદ્યાર્થીનીઓ શીખે અને તેઓમાં આત્મવિશ્વાસ વધે, શારીરિક રીતે સક્ષમ બને અને જરૂર પડે પોતાનું રક્ષણ કરી શકે તેવી સક્ષમ બને તે માટે પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આ પ્રકારની તાલીમ આપવાનું શરૂ કર્યું છે તેની પ્રસંશા કરી હતી. શાળાની વિદ્યાર્થીનીઓને આનો લાભ આપવા બદલ તેમણે પોલીસ તંત્રનો આભાર પણ માન્યો હતો.

કાર્યક્રમનાં પ્રારંભમાં જેમણે પ્રશિક્ષણ મેળવ્યું હતું તે વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ ટેક્નિક્સનું રોમાંચક નિદર્શન કરવામાં આવ્યું હતું. સમાપન સમારોહનું સંચાલન શાળાની શિક્ષિકા શ્રીમતી અમીતાબહેન પરમારે કર્યું હતું. કાર્યક્રમના અંતમાં આભારવિધિ શાળાના શિક્ષક શ્રી વિપુલભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી.

### વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં નિષ્ણાતોની ટીમ દ્વારા પ્રશિક્ષણ અપાઈ રહ્યું છે

# અમદાવાદ ગ્રામ્યની ધંધુકા પોલીસ દ્વારા આયોજિત મહિલા સ્વબચાવની શિબિરોમાં કોલેજ-માધ્યમિક શાળાની ૧૧૬૨ વિદ્યાર્થીનીઓ જોડાઈ

ધંધુકા

અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી ધંધુકા તથા અસલાલી વિસ્તારમાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ધંધુકા ખાતે શ્રી કિશનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૩૩૫ વિદ્યાર્થીનીઓ, જી. આર. જાદવ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે ૧૫૪ વિદ્યાર્થીનીઓ, સમર્પણ વિદ્યાલય ખાતે ૨૮૫ વિદ્યાર્થીનીઓ, ધી બીરલા એન્ડ હરજીવનદાસ હાઈસ્કુલ ખાતે ૨૧૧ વિદ્યાર્થીનીઓ, ચુડાસમા કન્યા છાત્રાલય ખાતે ૧૨૬ વિદ્યાર્થીનીઓ અને વિમલામાતા હાઈસ્કુલ ખાતે ૫૧ વિદ્યાર્થીનીઓ મળીને કુલ ૧૧૬૨ વિદ્યાર્થીનીઓ સ્વબચાવનું પ્રશિક્ષણ મેળવી રહી છે. વાડોકાઈ કરાટેનાં બ્લેક બેલ્ટ નિષ્ણાત સેનસાઈ શ્રી કમલભાઈ એચ. દવે તથા સેમ્પાઈ શ્રી પુષ્પરાજસિંહ ઝાલાની ટીમ દ્વારા જુદી જુદી શાળાઓમાં જુદા જુદા સમયે અલગ અલગ ગૃપમાં પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

કોલેજ ખાતે યોજાયેલા શિબિરનાં ઉદ્‌ઘાટનનાં આ કાર્યક્રમમાં ધંધુકા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ શ્રી




અરવિંદસિંહ જાડેજા, કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, કોલેજનાં આચાર્ય શ્રી જી. આર. પરમાર સહિત નગરનાં ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### ગાંધીનગર સ્થિત શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે

# સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન ગાંધીનગર દ્વારા સ્ટ્રેચ મેનેજમેન્ટનો ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો. ગત તારીખ ૨૭ થી ૩૦ જૂન, ૨૦૧૪ દરમ્યાન ગાંધીનગરના સેક્ટર-૩૦ સ્થિત શ્રી પ્રતાપસિંહજી હિંદી વિદ્યાલય ખાતે યોજાયેલ આ વર્કશોપમાં ધોરણ.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં વિષય નિષ્ણાત શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીઓને સ્ટ્રેસ ઉત્પન્ન કરતા કારણો તથા તેના નિવારણના વૈદિક ઉપાયો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

યોગ નિષ્ણાત શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ ધ્યાનના માધ્યમથી કેવી રીતે મનને શાંત તેમજ નિયંત્રિત કરી શકાય તેની જાણકારી આપી હતી.

આ વર્કશોપના અંતિમ સત્રમાં સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા પોલીસ ઈન્સ્પેકટર શ્રી પ્રવિણભાઈ વલેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોલીસથી ન ડરવાની સલાહ આપતા કહ્યું હતું કે પોલીસ અપરાધીઓ પ્રત્યે કઠોર વલણ ધરાવે છે, પરંતુ સામાન્ય નાગરિક માટે પોલીસનું વલણ સારું જ હોય છે. તેમણે વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત લેવા તથા પોલીસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની પ્રક્રિયા જાણવા આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે સરકાર દ્વારા પોલીસ અને પ્રજા વચ્ચે સુસંવાદ ઉભો કરી પોલીસની પ્રજામાં રહેલી ખોટી છાપ દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.

સમાપન પ્રસંગે પોતાના વકતવ્યમાં શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે ખોટી માન્યતાઓના કારણે આપણે અકારણ સ્ટ્રેસ ઉત્પન્ન કરતા




હોઈએ છીએ. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસ સંબંધિત, માતાપિતા તથા ગુરુજનો સાથેના વ્યવહાર સંબંધિત જે ખોટી માન્યતાઓ, ગેરસમજો હતી તેને દૂર કેવી રીતે કરવી તે અંગેની જે જાણકારી વર્કશોપ દરમ્યાન આપી હતી, તેના ઉપર અમલ કરવા અનુરોધ કર્યો હતો.

વૈદિક પ્રવકતા શ્રી અવધેશપ્રસાદ પાંડેયએ વિદ્યાર્થીઓને માતાપિતા તથા ગુરુ પ્રત્યે મનમાં આદર તથા શ્રદ્ધાભાવ રાખવા પ્રેરણા આપી હતી. યુવા વૈદિક પ્રચારક શ્રી ભગીરથ પટેલે પોતાના વ્યાખ્યાનમાં માનવશરીર રચનાની કોમ્પ્યુટર સાથે સરખામણી કરી મનને કેવી રીતે નિયંત્રણમાં રાખવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્ય શ્રી યુવરાજસિંહ વાઘેલાએ અતિથિ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી આવા વર્કશોપથી ભૂતકાળમાં વિદ્યાર્થીઓને થયેલ લાભોના સંસ્મરણો વાગોળ્યાં હતાં. કાર્યક્રમનું સફળ શાળાના શિક્ષક શ્રી નરેન્દ્રસિંહે કર્યું હતું.

# ૧૭મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ-૨૦૧૪ ગોવા ખાતે સંપન્ન

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશન દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા એક સાથે જ રમાડવામાં આવતી હતી. ચાલુ વર્ષથી આ













પરંપરામાં પરિવર્તન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા જૂન માસમાં તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા નવેમ્બર માસમાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ વર્ષે ૫ અને ૬ જૂન, ૨૦૧૪ દરમ્યાન ગોવા સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગોવાના મલ્ટીપરપઝ હોલમાં ૧૭મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ-૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું.

(અનુ. પાન-૪ ઉપર)










## Join

## Wado-Kai Karate-Do Academy, Gujarat

**To**

- LEARN THE SCIENCE AND ART OF KARATE
- BE ABLE TO DEFEND YOURSELF
- IMPROVE SELF CONFIDENCE
- BE STRONG MENTALLY AND PHYSECALLY
- BE A KARATE CHAMPION

**SHIHAN ARVIND RANA** (Black Belt 6th Dan)
Plot-791/D/3, Panchsheel Park, Sector-21, Gandhinagar-302021

| | | |
|---|---|---|
| Gandhinagar | : | Sensei Gaurang K. Rana (99981 62274), Sensei Vishal K. Mistry (98257 33774) |
| Ahmedabad | : | Sensei Jignesh M. Trivedi (98253 04306), Sensei Rajesh M. Bundela (92273 82730) |
| Mahesana | : | Sensei Kalpesh M. Chavda (98246 49758), |
| Surendranagar | : | Sensei Chakrabahadur Damai (98248 43608) |
| Anand | : | Sensei Jignesh R. Thakkar (98257 07060), Sensei Chetan B. Fumakiya (98242 79555) |
| Porbandar | : | Sensei Ketan Kotia (99250 18393) |
| Kachchh | : | Sensei Ketan Kotia C/o Jitesh Dodia (99749 72825) |
| Bhavnagar | : | Sensei Kamal Dave (98798 58673) |
| Jamnagar | : | Sensei Kamal Dave C/o Ali Mon. Sadikot (94297 97752) |